Extra No. 194

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **TUESDAY, JULY 21, 2026 / ASADHA 30, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ

વાંચ્યો:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત) ગોધરાના પત્ર જા.નં.જિપં/બાંધ/ક/૧/વશી/૩૩૮/૨૦૨૬ તા.૦૨/૦૬/૨૦૨૬

(૨) પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાના પત્ર નં.LIB/અભિપ્રાય/૨૨૦૨/૨૦૨૬ તા.૦૪/૦૬/૨૦૨૬

(૩) સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટથી, ગોધરાના પત્ર નં.એમએજી/વશી/૫૦૬/૨૦૨૬ તા.૦૫/૦૬/૨૦૨૬

(૪) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત) ગોધરાના પત્ર જા.નં.જિપં/બાંધ/ક/૧/વશી/૫૭૯/૨૦૨૬ તા.૨૬/૦૬/૨૦૨૬

(૫) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) હેઠળ

નં.એમએજી/જાહેરનામું/વશી/૧૮૫૬ થી ૧૮૬૬/૨૦૨૬.-કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત) ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૧) ના. તા.૦૨/૦૬/૨૦૨૬ ના પત્રથી જાફરાબાદ ખાતે કન્સ્ટ્ર. ઓફ બોક્ષ કલ્વર્ટ ઓન ગોધરા જાફરાબાદ આનંદનગર ટુ સ્પોર્ટ કોમ્પલેક્ષ રોડ, તા.ગોધરા, જિ.પંચમહાલ ખાતે જુનું સ્લેબડ્રેઈન આવેલ હતું જે જર્જરીત હોઈ તેના સ્થાને નવીન બોક્ષ કલવર્ટની કામગીરી એગ્રીમેન્ટ નં.બીડ/૧૮૯ ઓફ ૨૦૨૫-૨૬ થી ઈજારદારશ્રી સંજય કન્સ્ટ્રકશન, જિ. જુનાગઢ ને કામગીરી સોંપવામાં આવેલ હતી જે કામ શરૂ કરવાની તા.૧૭/૦૩/૨૦૨૬ તથા પુર્ણ કરવાની તા.૧૬/૦૭/૨૦૨૬ છે. જે અન્વયે ઈજારદારશ્રી ધ્વારા ડાયવર્ઝનની કામગીરી કરી જુના સ્ટ્રકચરને તોડવાની કામગીરી કરેલ હતી. ત્યારબાદ ઈજારદારશ્રી ધ્વારા બોક્ષ કલવર્ટના રાફ્ટની કામગીરી હાલ પ્રગતિમાં છે. તા.૩૦/૦૫/૨૦૨૬ તથા તા.૦૧/૦૬/૨૦૨૬ના રોજ થયેલ ભારે વરસાદને કારણે કરેલ કામચલાઉ ડાયવર્ઝનની કામગીરી વારંવાર ધોવાઈ ગયેલ છે. વધુમાં જણાવવાનું કે સદર ડાયવર્ઝનની ડાબી બાજુ ૮.૪૦ મી પહોળાઈની બોક્ષ કલ્વર્ટની કામગીરી પ્રગતિમાં છે તથા જમણી બાજુ ડાયવર્ઝનને અડીને વર્ષો જુનો કુવો આવેલ છે. તેમજ વરસાદી પાણીની આવક ખુબજ વધુ પ્રમાણમાં ડાયવર્ઝન ની ઉપરથી પસાર થતુ હોઈ જાનહાની થવાની સંપુર્ણ સંભાવના રહેલ હોઈ, જાહેર જનતાની સલામતીના ભાગ રૂપે વાહનોની સંપુર્ણ અવર જવર બંધ કરવા માટેનું જાહેનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ હતી.

પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરા તથા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ગોધરાએ વંચાણે લીધેલ અ.નં.(૨) તથા વંચાણે લીધેલ અ.નં.(૩) વાળા પત્રથી ઉકત વિગતેનું જાહેરનામુ બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

ઉપરોકત વિગતે અત્રેની કચેરીના તા.૦૫/૦૬/૨૦૨૬ના હુકમ નં.એમએજી/જાહેરનામું/વશી/૧૬૫૭થી ૧૬૬૭/૨૦૨૬થી સદર બાબતે માર્ગ અને મકાન પેટા વિભાગ(પંચાયત), ગોધરા હસ્તક આવેલ જાફરાબાદ ખાતે-કન્ટ્ર. ઓફ બોક્ષ કલ્વર્ટ ઓન ગોધરા જાફરાબાદ આનંદનગર ટુ સ્પોર્ટ કોમ્પલેક્ષ રોડ, તા.ગોધરા, જિ.પંચમહાલની બોક્ષ કલ્વર્ટની કામગીરી માટે તા. ૩૦/૦૬/૨૦૨૬ સુધી વાહનોની અવરજવર તમામ વાહનો માટે બંધ કરવા અને વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા બાબતનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત) ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૪) ના તા.૨૬/૦૬/૨૦૨૬ ના પત્રથી ઉકત બોક્ષ કલવર્ટના સ્લેબની કામગીરી પુર્ણ થયેલ છે પરંતુ રીટેનીંગ વોલની સાથે એપ્રોચ રોડની કામગીરી બાકી રહેલ છે જે પુર્ણ થતાં હજું ૧૫ દિન જેટલો સમય લાગે તેમ છે તેમજ વધુંમાં જણાવેલ છે કે હાલની સ્થળસ્થિતિને ધ્યાને લેતા ડાયવર્ઝનની કામગીરી કરવી શકય ન હોઈ ઉકત જાહેરનામાંની સમયમર્યાદામાં બીજા ૧૫ દિવસ જેટલો વધારો કરી આપવા વિનંતી કરેલ છે.

ઉકત વિગતે કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ(પંચાયત) ગોધરાની મળેલ દરખાસ્ત તેમજ પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ ગોધરા તથા સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી ગોધરા પ્રાન્ત, ગોધરાના હકારાત્મક અભિપ્રાય મુજબ માર્ગ અને મકાન પેટા વિભાગ(પંચાયત), ગોધરા હસ્તક આવેલ જાફરાબાદ ખાતે કન્ટ્ર. ઓફ બોક્ષ કલ્વર્ટ ઓન ગોધરા જાફરાબાદ આનંદનગર ટુ સ્પોર્ટ કોમ્પલેક્ષ રોડ, તા.ગોધરા, જિ.પંચમહાલની બોક્ષ ક્લવર્ટની કામગીરી ચાલુ હોઈ વાહનોની અવરજવર બંધ કરવા તથા અવરજવર માટે અન્ય વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ઝન આપવા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ) મુજબ તા. ૦૧/૦૭/૨૦૨૬ થી તા. ૧૫/૦૭/૨૦૨૬ સુધીના સમયગાળા માટે બંધ કરવો જરૂરી જણાય છે.

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : મકમ/વશી/૧૨૪૧થી ૧૨૬૬/૧૦ તા. ૧૬/૦૮/૨૦૧૦થી સરકારશ્રીના મહેસૂલ વિભાગ, ગાંધીનગરના ઠરાવ તા.૧૫/૦૨/૧૯૯૯ ની સૂચના મુજબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ હેઠળની જિલ્લા મેજિસ્ટ્રટશ્રીની સત્તા અધિક જિલ્લા મેજિસ્ટ્રટશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે.

આથી હું જે.જે.પટેલ (જી.એ.એસ) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મને મળેલ અધિકારની રૂએ માર્ગ અને મકાન પેટા વિભાગ(પંચાયત), ગોધરા હસ્તક આવેલ જાફરાબાદ ખાતે કન્સ્ટ્ર. ઓફ બોક્ષ કલ્વર્ટ ઓન ગોધરા જાફરાબાદ આનંદનગર ટુ સ્પોર્ટ કોમ્પલેક્ષ રોડ, તા.ગોધરા, જિ.પંચમહાલની બોક્ષ ક્લવર્ટની કામગીરી માટે તા. ૧૫/૦૭/૨૦૨૬ સુધી વાહનોની અવરજવર તમામ વાહનો માટે બંધ કરવા અને નીચે જણાવ્યા મુજબના વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા ફરમાવું છું.

વૈકલ્પિક રસ્તાઓ :-

(૧) પ્રગતિનગર, લકુલીશ સોસાયટી, વૃતાલય તેમજ આસારામ આશ્રમની આસપાસના રહીશો એ કનેલાવ તળાવ થઈ શામળાજી કોલેજ થઈ મુનલાઈટ દાહોદ સ્ટેટ હાઈવે જતો રસ્તો. - આશરે 2.00 કિ.મી.

(૨) જાફરાબાદ આનંદનગરના રહીશોએ પત્થર તલાવડી થઈ કાંસુડી ફાટકની બાજુમાં થઈ રવિ શંકર સ્કુલ થઈ કનેલાવ તળાવ થઈ શામળાજી કોલેજ થઈ મુનલાઈટ દાહોદ સ્ટેટ હાઈવે જતો રસ્તો. આશરે ૫.૪૦ કિ.મી.

શિક્ષા :-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા ગોધરા માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ અને રાત્રી દરમ્યાન અકસ્માતનો કોઈ બનાવ ન બને તે માટે રિફ્લેક્ટર જે-તે સ્થળોએ મૂકવાના રહેશે. માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા સદર કામગીરી તા. ૧૫/૦૭/૨૦૨૬ સુધી પુર્ણ કરવાની રહેશે.

આજ તારીખ: ૩૦મી જુન-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કર્યો.

જે. જે. પટેલ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પંચમહાલ ગોધરા

વાંચ્યો:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત) ગોધરાના પત્ર જા.નં.જિપં/બાંધ/પીબી/વશી/૪૪૫/૨૦૨૫ તા.૧૪/૦૭/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાના પત્ર નં.1.13/વાહન ડાયવર્ટ/અભિપ્રાય/૨૩૭૪/૨૦૨૫ તા.૧૬/૦૭/૨૦૨૫

(૩) સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ગોધરાના પત્ર નં.એમએજી/વશી/૩૪૩/૨૦૨૫ તા.૧૪/૦૭/૨૦૨૫

(૪) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત) ગોધરાના પત્ર જા.નં.જિપં/બાંધ/પીબી/વશી/૫૬૦/૨૦૨૫ તા.૧૬/૦૭/૨૦૨૫

(૪) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) હેઠળ

નં.એમએજી/જાહેરનામું/વશી/૨૦૮૭ થી /૨૦૨૬.-કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૧) ના - તા.૧૪/૦૭/૨૦૨૫ ના પત્રથી તેઓના પેટાવિભાગ હસ્તકનો ગોધરા તાલુકાનો વેગણપુર કાંકણપુર રોડ કીમી 0/00 થી ૫/૨૦૦ ની ચેનેજ ૪/૩૦૦ થી ૪/૪૦૦ ઉપર મહિયો નદી ઉપર હયાત જર્જરીત સ્લેબ ડ્રેઈન તથા વેન્ટેડ ડીપ આવેલ છે જે હાલમાં જર્જરીત હાલતમાં હોઈ વાહનો ના અવરજવર માટે જોખમી જણાય છે. સદર જુના સ્ટ્રક્ચરની જગ્યાએ સરકારશ્રીમાંથી નવીન હાઈલેવલ મેજર બ્રિજ માટે જોબ નંબર ફાળવેલ છે તથા સદર કામનો વર્ક ઓર્ડર ઈજારદારશ્રીને તારીખ ૧૧/૦૭/૨૦૨૫ ના રોજ આપેલ છે જેની કામગીરી તાત્કાલિક શરૂ કરવામાં આવશે તથા હાલમાં ચોમાસાની સિઝન હોઈ સદર બ્રિજ સાઈટની બાજુમાં ડાઈવર્ઝન આપવાની કામગીરી થઈ શકે તેમ નથી તથા વેગનપુર કાંકણપુર રોડ ઉપરથી ટ્રાફીકની અવરજવર બંધ કરવાની થાય છે. જે રસ્તો બંધ તા. ૧૭/૦૭/૨૦૨૬ સુધી બંધ કરવા બાબતનું જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ હતી.

પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરા તથા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૨) તથા અ.નં.(૩) વાળા પત્રથી ઉક્ત વિગતેનું જાહેરનામું બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે

ઉકત હકીકતે અત્રેની કચેરીના તા.૧૭/૦૭/૨૦૨૫ના હુકમ નં.એમએજી/વશી/જાહેરનામું/વશી/૧૫૫૬થી ૧૫૬૬/૨૦૨૫થી માર્ગ અને મકાન પેટા વિભાગ, ગોધરા હસ્તક આવેલ વેગણપુર કાંકણપુર રોડ કીમી 0/00 થી ૫/૨૦૦ ની ચેનેજ ૪/૩૦૦ થી ૪/૪૦૦ ઉપર મહિયો નદી ઉપર હયાત જર્જરીત સ્લેબ ડ્રેઈન તથા વેન્ટેડ ડીપના સ્થાને નવીન હાઈલેવલ મેજર બ્રિજની કામગીરી માટે તા.૧૭/૦૭/૨૦૨૭ સુધી સદર બ્રીજ તમામ વાહનો માટે બંધ કરવા અને વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા બાબતનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત) ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૪) ના તા.૧૬/૦૭/૨૦૨૬ ના પત્રથી તેઓના પેટાવિભાગ હસ્તકનો ગોધરા તાલુકાનો વેગણપુર કાંકણપુર રોડ કુલ લંબાઈ ૫.૨૦૦ કીમીની ચેનેજ ૪/૩૦૦ થી ૪/૪૦૦ ઉપર મહિયો નદી ઉપર હાલમાં નવીન મેજર બ્રિજની કામગીરી પ્રગતિમાં છે જેની અંદાજે ૭૦% કામગીરી હાલમાં પુર્ણ થયેલ છે. સદર રસ્તાનાં ટ્રાફિકને અન્ય રૂટ ઉપર ડાઈવર્ટ કરવા તા.૧૭/૦૭/૨૦૨૫ થી ૧૭/૦૭/૨૦૨૬ સુધીના સમયગાળા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે.

વધુમાં ના.કા.ઈ.શ્રી, પંચાયત (મા.મ) પે.વિ, શહેરાના પત્રમાં જણાવ્યા મુજબ હાલમાં ચોમાસાની સિઝન હોઈ નદીમાં પાણીનો પ્રવાહ વધુ હોઈ સદર બ્રિજ સાઈટની બાજુમાં બનાવેલ ટેમ્પરરી ડાઈવર્ઝન ધોવાઈ જાય છે જેથી આ રોડ ઉપરથી પસાર થતા તમામ ટ્રાફિકને અન્ય વૈકલ્પિક રૂટ પરથી ડાઈવર્ટ કરવું જરૂરી છે જેથી સદર તા.૧૭/૦૭/૨૦૨૫ થી ૧૭/૦૭/૨૦૨૬ સુધી પ્રસિધ્ધ કરેલ જાહેરનામાનો સમયગાળો તારીખ ૧૮/૦૭/૨૦૨૬ થી ૧૮/૧૧/૨૦૨૬ સુધી (૦૪ ચાર માસ) સુધી વધારી આપવા વિનંતી કરેલ છે.

માર્ગ અને મકાન પેટા વિભાગ, ગોધરા હસ્તક આવેલ ગોધરા તાલુકાનો વેગણપુર કાંકણપુર રોડ કુલ લંબાઈ ૫.૨૦૦ કીમીની ચેનેજ ૪/૩૦૦ થી ૪/૪૦૦ ઉપર મહિયો નદી ઉપર આવેલ નવીન મેજર બ્રિજની કામગીરી પ્રગતિમાં હોઇ સદર બ્રિજ તમામ વાહનો માટે બંધ કરવા તથા અવરજવર માટે અન્ય વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ઝન આપવા ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ) મુજબ તા. ૧૮/૦૭/૨૦૨૬ થી તા. ૧૮/૧૧/૨૦૨૬ સુધીના સમયગાળા (૦૪ માસ સુધી) માટે બંધ કરવો જરૂરી જણાય છે.

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : મકમ/વશી/૧૨૪૧થી૧૨૬૬/૧૦ તા. ૧૬/૦૮/૨૦૧૦થી સરકારશ્રીના મહેસૂલ વિભાગ, ગાંધીનગરના ઠરાવ તા.૧૫/૦૨/૧૯૯૯ ની સૂચના મુજબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ હેઠળની જિલ્લા મેજિસ્ટ્રટશ્રીની સત્તા અધિક જિલ્લા મેજિસ્ટ્રટશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે.

આથી હું જે.જે.પટેલ (જી.એ.એસ) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મને મળેલ અધિકારની રૂએ માર્ગ અને મકાન પેટા વિભાગ, ગોધરા હસ્તક આવેલ ગોધરા તાલુકાનો વેગણપુર કાંકણપુર રોડ કુલ લંબાઈ ૫.૨૦૦ કીમીની ચેનેજ ૪/૩૦૦ થી ૪/૪૦૦ ઉપર મહિયો નદી ઉપર આવેલ નવીન મેજર બ્રિજની કામગીરી પ્રગતિમાં હોઈ સદર બ્રિજ તમામ વાહનો માટે તા.૧૮/૧૧/૨૦૨૬ સુધી બંધ કરવા અને નીચે જણાવ્યા મુજબના વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા ફરમાવું છું.

વૈકલ્પિક રસ્તાઓ :-

(અ) વેગનપુરથી કાંકણપુર તરફ જતાં તમામ વાહનો માટે:-

(૧) વેગનપુર થી વિંઝોલ થી પઢીયાર થઈ કાંકણપુર તરફ જઈ શકશે. (૯.૫૦૦ કિ.મી)

(૨) વેગનપુરથી નેશનલ હાઈવે થી ૬૧ કેવી ચોકડી થઇ કાંકણપુર તરફ જઈ શકશે.(૧૩.૫૦૦ કિ.મી)

(બ) કાંકણપુરથી વેગનપુર તરફ જતાં તમામ વાહનો માટે

(૧) કાંકણપુરથી પઢીયાર થી વિંઝોલ થઇ વેગનપુર તરફ જઈ શકશે. (૯.૫૦૦ કિ.મી)

(૨) કાંકણપુરથી નેશનલ હાઈવે થી ૬૧ કેવી ચોકડી થઈ વેગનપુર તરફ જઈ શકશે.(૧૩.૫૦૦ કિ.મી)

શિક્ષા

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા ગોધરા માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(રાજ્ય) ગોધરા દ્વારા સદર કામગીરી તા. ૧૮/૧૧/૨૦૨૬ સુધી પુર્ણ કરવાની રહેશે

આજ તારીખ: ૧૮મી જુલાઈ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કર્યો.

જે. જે. પટેલ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પંચમહાલ ગોધરા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.13 15:31:47 IST